Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582 – 046X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

સ્વતંત્રતા આંદોલન અને શ્યામજી કૃષ્ણ વર્મા

Vaidehi P. Shrimali
Ph.D. Scholar – History
Gujarat University, Ahmedabad
Email: pankajshrimali13@gmail.com

સારાંશ

આધુનિક ભારતના ઇતિહાસમાં શ્યામજી કૃષ્ણ વર્મા એક સશક્ત અને વિરલ વ્યક્તિત્વ હતું. વિદેશી ધરતી પર રહીને ભારતની સ્વતંત્રતા માટે આંદોલન ચલાવવું, વિવિધ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કરવી અને સ્વતંત્રતા-પ્રેરિત પત્ર-પત્રિકાઓ પ્રકાશિત કરવી એ બહુ મોટી બાબત ગણાવી શકાય. તેઓ પ્રતિભાશાળી વ્યક્તિ હતા અને રાષ્ટ્રસેવાને વરેલ ક્રાંતિકારી હતા.

પ્રસ્તાવના :

આધુનિક ભારતના ઇતિહાસ પર બહુમુખી પ્રતિભા ધરાવતા વ્યક્તિઓની બહુ મોટી અસર છે. રાષ્ટ્ર સેવામાં તેમનું એદકેરુ સ્થાન છે. બ્રિટિશ શાસનની બેડીઓમાંથી હિંદને મુક્ત કરાવવા માટે વીસમી સદીના પૂર્વાધમાં ગાંધીજીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ થયેલા રાષ્ટ્રીય આંદોલનનો ઇતિહાસ નિઃસંદેહ, આધુનિક ભારતના ઇતિહાસનું એક ઉત્તમ ભાગ છે. આપણા દેશની સ્વરાજયાત્રાના લાંબા ગાળામાં નામી-અનામી અનેક શહીદો થયા છે. ઇ.સ.૧૮૫૭ ના સ્વાતંત્ર્ય સંગ્રામ પછી દેશમાં અંગ્રેજ સરકાર સામે વ્યક્તિગત રીતે કે સંગઠન કરીને હથિયાર ઉપાડનાર વીરોની મર્દાનગીની કથાઓ આજે ગર્વથી યાદ કરવામાં આવે છે. જે યુવકોએ વીરતાપૂર્વક હથિયાર ઉપાડ્યા તેઓ આપણાં દેશના ઇતિહાસમાં ક્રાન્તિકારીઓ તરીકે જાણીતા છે. તેમની પ્રવૃત્તિઓ ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ગણાય છે. આ પ્રવૃત્તિમાં શિક્ષિત, અશિક્ષિત, રાજવંશી અને સામાન્યજનોએ ભાગ લીધો હતો. ભારતના બધા ભાગોમાં ઓછાવત્તા પ્રમાણમાં ક્રાંતિકિરી પ્રવૃત્તિ વહેલી મોડી અવશ્ય થઇ હતી. ત્યારે વિદેશમાં રહીને ક્રાંતિકારી પ્રવૃત્તિ ચલાવનારા શ્યામજી કૃષ્ણવર્મા હતા.

શ્યામજી કૃષ્ણવર્માનું પ્રારંભિક જીવન :

શ્યામજી કૃષ્ણવર્માનો જન્મ ૪ ઓક્ટોબર ૧૮૫૭ ના રોજ કચ્છના માંડવી બંદર ખાતે ભાનુશાળી (ભણસાલી) કુટુંબમાં થયો હતો તેમના પિતા કરસનજી (કૃષ્ણદાસ ભણસાલી) મુંબઇની વેપારી પેઢીમાં નોકરી કરી જીવનનિર્વાહ ચલાવતા હતા. તેમની માતાનું નામ ગોમતીબાઇ હતું.૧૧ વર્ષની વયે જ બાળક શ્યામજીએ માતાપિતાનું છત્ર ગુમાવી દીધું હતું. તેમનો પ્રાથમિક અભ્યાસ માંડવી ખાતે થયો હતો. અભ્યાસમાં તેજસ્વી કિશોર શ્યામજીએ ભાટિયા જ્ઞાતિના સદગૃહસ્થ શેઠ મથુરદાસ લવજીએ મુંબઇ બોલાવી વિલ્સન હાઇસ્કૂલમાં પ્રવેશ અપાવ્યો હતો. વિલ્સન સ્કૂલના અંગ્રેજી અભ્યાસની સાથેસાથે તેમણે સંસ્કૃત પાઠશાળામાં પણ અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ એલ્ફિન્સ્ટન હાઇસ્કૂલમાં અભ્યાસ અર્થે જોડાયાં. ઇ.સ.૧૮૭૪ માં તેમણે દયાનંદ સરસ્વતીનું

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582–046X
International Journal for Research in Applied History
Website: www.anshjournal.com

શિષ્યત્વ પ્રાપ્ત કરેલું અને આર્યસમાજી બન્યા. તેમની શિક્ષા દિક્ષાથી શ્યામજી કૃષ્ણ વર્માંમાં ક્રાન્તિના બીજ રોપાયા. શ્યામજી કરસનજી હવે શ્યામજી કૃષ્ણ વર્મા તરીકે જાણીતા બન્યા.

સ્વરાજની લડતમાં દયાનંદ સરસ્વતીની પ્રેરણા અને પ્રોત્સાહન મળતાં ક્રાંતિકારી બન્યા. આર્ય સમાજના પ્રચાર માટે તેમણે લાહોર, બનારસ, મુંબઇ, અમદાવાદ, સુરત, નાસિક વગેરે સ્થળોએ સભાઓ ભરી પ્રવચન આપ્યાં. ૧૮૭૫ માં તેમના લગ્ન ભાટિયા જ્ઞાતિના શ્રીમંત ઉદ્યોગપતિની પુત્રી અને તેમના શાળા સમયના મિત્ર રામદાસની બહેન ભાનુમતી સાથે થયાં. તેમના સંસ્કૃત ભાષા પરના પ્રભુત્વ અને જ્ઞાનથી પ્રભાવિત થઇને ઓક્સફોર્ડ યુનિવર્સિટીના સંસ્કૃતના પ્રાધ્યાપક મોનિયર વિલિયમ્સે ૧૮૭૭ માં પોતાના મદદનીશ તરીકે ઓક્સફોર્ડ તેડાવ્યાં. ૧૮૭૯ માં તેઓ ઇંગ્લેન્ડ ગયા. જ્યાં વિલિયમ્સના મદદનીશ તરીકે કાર્ય કરવાની સાથે ઓક્સફોર્ડ યુનિવર્સિટીની જ બલિયોલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો અને ૧૮૮૩ માં ડિસ્ટિંકશન સાથે બી.એ. થયાં. ઉપરાંત કાયદાના અભ્યાસ માટે ઇનર ટેમ્પલમાં પ્રવેશ મેળવ્યો અને નવેમ્બર ૧૮૮૪ માં કાયદાની પદવી મેળવી બેરિસ્ટર થયાં.

પ્રારંભિક જીવનની મહત્વપૂર્ણ ઘટનાઓ:

એક ક્રાંતિકારી બનવામાં શ્યામજીના જીવનની પ્રારંભિક ઘટનાઓ નોંધનીય હતી. ૧૮૮૫ માં ભારત પરત ફરીને તેમણે મુંબઇ હાઇકોર્ટના વકીલ તરીકે નોંધણી કરાવી. ત્યારબાદ તેમણે રતલામ રાજ્યના દિવાનનો હોદ્દો સંભાળ્યો પરંતુ તબિયતના કારણોસર આ હોદ્દો છોડવો પડ્યો. મુંબઇ ખાતેના ટૂંકા વસવાટ કર્યા બાદ તેઓ અજમેર સ્થાયી થયા. જ્યાં ૧૮૮૮ માં ફરીવાર તેમણે વકિલાત શરૂ કરી. ૧૮૯૩ થી ૧૮૯૫ સુધી ઉદયપુર રાજ્ય અને ત્યારબાદ જૂનાગઢ રાજ્યના દિવાનનો હોદ્દો પણ સંભાળ્યો. પરંતુ જૂનાગઢના દિવાનપદ દરમિયાન અંગ્રેજ અધિકારીઓ સાથેની ખટપટ અને કડવા અનુભવ બાદ ૧૮૯૭ માં તેઓ હંમેશ માટે ભારત છોડીને ઇંગલેન્ડ સ્થાયી થયાં.

ઇંગ્લેન્ડમાં શરૂઆતનો વસવાટ ઇનર ટેમ્પલ ખાતે કર્યો. જ્યાં તેમણે અંગ્રેજ તત્વજ્ઞાની હર્બટ સ્પેન્સરના પુસ્તકોનો અભ્યાસ કર્યો. વર્ષ જાન્યુઆરી ૧૯૦૫ માં 'ધ ઇન્ડિયન સોશિયોલોજીસ્ટ' નામનું માસિક શરૂ કર્યું. ભારતની સ્વરાજ્ય સાધના માટે ૧૮ ફેબ્રુઆરી ૧૯૦૫ માં ભિખાઇજી કામા, દાદાભાઇ નવરોજી અને સરદારસિંહ રાણાની સહાયથી લંડન ખાતે 'ધ ઇન્ડિયન હોમરૂલ સોસાયટી' ની સ્થાપના કરી. ઇન્ડિયન હોમરૂલ સોસાયટી તે સમયની વિક્ટોરીયન પબ્લીક ઇન્સ્ટીટ્યુટના નમૂના પર બનેલી જેનું પોતાનું લેખિત બંધારણ હતું. સોસાયટીના મુખ્ય હેતુઓ ભારત માટે સુરક્ષિત સ્વરાજ મેળવવું અને ઇંગ્લેન્ડમાં સ્વરાજ પ્રાપ્તિ માટેની પ્રવૃત્તિઓનો પ્રચાર પ્રસાર કરવાનો હતો. ૧૯૦૦ માં શ્યામજીએ લંડનમાં હાઇગેટમાં ઇંગ્લેન્ડ જતા ભારતીય વિદ્યાર્થીઓ માટે એક વિશાળ અને મકાન ખરીદ્યું. જે સમય જતાં ભારતીય સ્વરાજ ચળવળના નેતાઓની મહત્વની બેઠકનું કેન્દ્ર બન્યું. ૧ જુલાઇ ૧૯૦૫ ના રોજ આ મકાનને 'ઇન્ડિયા હાઉસ' તરીકે ખુલ્લુ મુકવામાં આવ્યું. શ્યામજીની ઇંગ્લેન્ડ ખાતેની વધતી જતા ક્રાંતિકારી પ્રવૃત્તિઓને કારણે તેમના પર પોલીસની ધોંસ વધતી ચાલી ગઇ પરિણામે જૂન ૧૯૦૭ માં તેઓ પેરિસ ચાલ્યા ગયા. ઇન્ડિયન સોશિયોલોજીસ્ટમાં શ્યામજીએ લખેલા કેટલાક ક્રાંતિકારી લેખને કારણે એપ્રિલ

૧૯૦૯ માં ઈંગ્લેન્ડના ન્યાયાધિશોએ તેમની બેરિસ્ટર તરીકેની સનદ પાછી લઇ લીધી હતી. વિદેશી ધરતી પર રહી ભારતની સ્વતંત્રતા સારૂ પ્રવૃત્તિઓ કરવી એ નાનીસૂની બાબત ન ગણી શકાય.

ઈન્ડિયા હાઉસના માધ્યમ દ્વારા શ્યામજી કૃષ્ણ વર્માની ક્રાંતિકારી પ્રવૃત્તિઓઃ

ઈન્ડિયા હાઉસ એ મકાન ન હતું પણ ક્રાંતિકારીઓનું ઘર હતું. શ્યામજી કૃષ્ણવર્માએ એક મજલ પર સભાખંડ અને લાયબ્રેરી, બીજા મજલે નિવાસ સ્થાન, પચીસથી વધીને પચાસ જેટલા યુવક વિદ્યાર્થીઓ ત્યાં આવીને વસ્યા હતા. ભવનનું ઉદઘાટન સ્વાતંત્ર્યવાદી હીન્ડમેને કર્યું. ભરચક હાજરી હતી. ત્યાંથી સામાયિકો અંકો, લેખો તેમણે બહાર પાડ્યા. વિદેશની ધરતી પર રહીને ભારતની આઝાદીમાં ચળવળ કરનાર ક્રાંતિકારી સ્થાન રહ્યું છે. આ ઈન્ડિયા હાઉસની પ્રભાવશાળી ભુમિકા ગણાવી શકાય. આ આશ્રયસ્થાન કેટલાક અંશે ક્રાંતિ કેન્દ્ર બનવા પામ્યું હતું.

પેરિસ અને જિનીવામાં રહીને કરેલી પ્રવૃત્તિઓઃ

પેરિસમાં સરદારસિંહ રાણા અને ભિખાઇજી કામના સહયોગથી 'વંદે માતરમ્' અને ઈન્ડિયન સોશિયોલોજીસ્ટ નામના મુખપત્રો શરૂ કર્યા. ૧૯૦૮ અને ૧૯૦૯ માં તેમણે ભારતમાં કેટલાક મિત્રોને રિવોલ્વરો અને બોમ્બ બનાવવાની રીતો દર્શાવતી પુસ્તિકાઓ મોકલાવી. શ્યામજીના માસિકની નકલો મોટી સંખ્યામાં ભારત આવતી. શ્યામજીએ જાહેર કરેલી શિષ્યવૃત્તિઓના પરિપાકરૂપે વિનાયક દામોદર સાવરકર, મદનલાલ ધિંગરા, લાલા હરદયાળ, પી.એન.બાપટ વગેરે ભારતીય ક્રાંતિકારી ચળવળના તેજસ્વી નેતાઓ તરીકે આગળ આવ્યાં. મદનલાલ ધિંગરાએ બ્રિટિશ અધિકારી સર કર્ઝન વાઇલીની લંડનમાં હત્યા કરી. જેમાં થયેલા વિવાદની પગલે તેઓ તેમના જૂના સાથીઓથી વિખૂટા પડી ગયા. સાવરકરની ધરપતડ અને સજાને પગલે પેરિસમાં તેમની પ્રવૃત્તિઓ નરમ પડતી ગઇ. શ્યામજી ભારત માટે જાસુસી કરતા હોવાની અંગ્રેજોને દઢ શંકા હતી એટલે જ એમના પર બ્રિટીશ ગુપ્તચરતંત્ર ચાંપતી નજર રાખતું. ૧૯૧૪ માં તેઓ પેરિસ છોડી જિનીવા જતા રહ્યાં.

અવસાન

આવા મહાન દેશપ્રેમી ક્રાંતિકારી શ્યામજી કૃષ્ણવર્મા જીનીવા ખાતે ૩૧મી માર્ચ, ૧૯૩૦ના રોજ અવસાન પામ્યા. તેમની અંતિમ ઇચ્છા પોતાના અસ્થિ સ્વદેશ લઈ જવાની હતી. જે ગુજરાત સરકારે ૨૦૦૩માં અસ્થિ ગુજરાત લાવવામાં આવ્યા. તે વીરાંજલિયાત્રા સ્વરૂપે ગુજરાતમાં પ્રદક્ષિણા કરી. દેશના મહાન ક્રાંતિકારી, રાષ્ટ્ર રત્ન અને ગુજરાતના ગૌરવવંતા પુત્ર શ્યામજી કૃષ્ણવર્મા ઈ.સ.૧૮૫૭ ના બળવા પછી ક્રાંતિની મશાલની જ્યોત જલતી રાખવામાં આપણા ક્રાંતિકારીઓનો ફાળો અગ્રીમ રહ્યો છે.

૧૦૦ વર્ષ પહેલાં પણ એમની લાખો પતિમાં ગણત્રી થતી. આમ છતાં એમણે પોતાનું કોઈ જ વીલ બનાવ્યું નહોતું. એમના અર્ધાંગીની ભાનુમતીએ શ્યામજીના મૃત્યુ બાદ એમનું વસિયતનામું તૈયાર કર્યું હતું. જેના પાવર ઓફ એટર્ની શ્યામજીના પેરીસમાં રહેતા ખાસ મિત્ર સરદારસિંહજી રાણાએ ૧૯૩૬માં મેળવ્યા હતા.

શ્યામજીને કોઈ સંતાન નહોતું. પણ ભારતના નવયુવાનોના અભ્યાસ માટે એ જમાનામાં એમણે ૯૦,૦૦૦ ફ્રાન્કનું દાન આપ્યું હતું. ફ્રાન્સમાં યુનિવર્સિટી ઓફ પેરીસમાં કૃષ્ણ વર્મા ફાઉન્ડેશન છે. ફ્રાન્સ ભણવા આવવા ઈચ્છા હિંદુ યુવાનો માટે એમણે સ્કોલરશીપ જાહેર કરી હતી. ત્યાંની સંસ્કૃત લાઈબ્રેરી માટે એમણે અનુદાન આપ્યું હતું. ચિત્રલેખાએ એમના વસિયતની ફ્રેન્ચમાંથી અંગ્રેજી અનુવાદ કરેલી કોપી મેળવી છે.

શ્યામજી કૃષ્ણ વર્માની સ્મૃતિરૂપ સ્મારકો:

શ્યામજી કૃષ્ણવર્માએ ભાનુમતીના ભંડોળમાંથી ૧૯૫૨માં બે લાખ રૂપિયાનું અનુદાન માંડવીમાં ભાનુમતી મેટરનીટી હોસ્પિટલ માટે આફવામાં આવ્યું હતું. એ ઉપરાંત મુંબઈના ભારતીય વિદ્યાભવનમાં સંસ્કૃતના અભ્યાસ માટે સ્કોલરશીપ આપવામાં આવે છે. પેરીસની સોરબોન યુનિવર્સિટીમાં શ્યામજીના નામના બે રૂમ છે. એમણે એમના અલભ્ય પુસ્તકો અહીં દાનમાં આપી દીધાં હતાં. માંડવી અને ભુજમાં શ્યામજીનાં બંગલા છે. માંડવીમાં શ્યામજી અને ભાનુમતીના નામના માર્ગ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાતે કચ્છમાં આવી ભૂજના ખાસ સમારોહમાં તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબહેન પટેલને કચ્છના ક્રાંતિવીરની ‘સનદ’ ભારતની ધરતી પર લાવી ગુજરાતનાં મુખ્યમંત્રી આનંદીબેનને સુપ્રત કરી હતી.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આઝાદીનાં ૫૫ વર્ષો બાદ ૨૨ ઑગસ્ટ, ૨૦૦૩ના રોજ સ્વયં સ્વિત્ઝર્લેન્ડથી તેમના અને તેમની પત્નીના અસ્થિ દેશમાં લાવી તેમના અંતિમ સ્વપ્નને સાકાર કર્યું. ૪ ઓક્ટોબર ૨૦૦૯ના રોજ તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ ‘ક્રાંતિતીર્થ’નો પાયાનો પથ્થર મૂક્યો અને ૧૩ ડિસેમ્બર, ૨૦૧૦ના રોજ ભૂમિપૂજન કરી ૫૨ એકરમાં ફેલાયેલા વિશાળ સ્મારકને દેશને સમર્પિત કર્યું. જેમાં હાઈગેટ લંડન ખાતેના ઈન્ડિયા હાઉસની પ્રતિકૃતિ અને શ્યામજી કૃષ્ણ વર્મા તથા તેમના પત્ની ભાનુમતીની પ્રતિમાઓ મૂકવામાં આવેલી છે. ભારતીય ટપાલ વિભાગ દ્વારા તેમના સન્માનમાં ૪ ઓક્ટોબર,૧૯૮૯ના રોજ સ્વાતંત્ર્ય સેનાની શ્રેણી અંતર્ગત ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

સંદર્ભ

- વ્યાસ, રજની (૨૦૧૨), ગુજરાતની અસ્મિતા (પાંચમી આવૃત્તિ), અમદાવાદ, અક્ષર પ્રકાશન.
- શુક્લ, જયકુમાર ર. (ડિસેમ્બર-૨૦૦૪), “શ્યામજી કૃષ્ણવર્મા”, ઠાકર ધીરુભાઈ, ગુજરાતી વિશ્વકોશ, ખંડ-૧૯ (પ્રથમ આવૃત્તિ), અમદાવાદ, ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ.
- ગુજરાત સમાચાર, વડોદરા આવૃત્તિ, તા.૧૯ ડિસેમ્બર, ૨૦૧૫.
- પંડીત શ્યામજી કૃષ્ણ વર્મા, વિષ્ણુ પંડ્યા, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૫ પ્રવિણ પુસ્તક ભંડાર, રાજકોટ.
- સામાજિક વિજ્ઞાન, ધોરણ-૮, પ્રથમ સત્ર, ગુ.રા.શા.પા.મં. ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ ૨૦૧૨.